
# ‘ઓપનર્સ’: આરંભ હૈ પ્રચંડ, બોલે મસ્તકોં કે ઝુંડ...



ક્રિકેટ વિશેનું ‘ઓપનર્સ’ નામના પુસ્તકનો હાલમાં ગુજરાતીમાં અનુવાદ થયો છે. ‘IPL’ના માહોલમાં આવેલું આ પુસ્તક વિશેષ કરીને ક્રિકેટના ઓપનર્સ અંગેની રસપ્રદ વાત રજૂ કરે છે. પુસ્તકના લેખક શિવેન્દ્ર કુમાર સિંહ છે અને તેનો અનુવાદ કેયૂર કોટકે કર્યો છે. હાલ ક્રિકેટનો સુવર્ણયુગ ચાલી રહ્યો છે; તેનાં વિવિધ પાસાં વિશે વિસ્તૃત રીતે વાતો થાય છે અને એટલે જ ‘ઓપનર્સ’ પુસ્તક પણ એ રીતે લખાયું છે. પુસ્તકની ભૂમિકા સચિન તેંડુલકરે લખી છે. સચિન તેંડુલકર રમ્યો ત્યાં સુધી વન ડે ક્રિકેટમાં ઈન્ડિયન ક્રિકેટ ટીમ વતી ઓપનિંગ કરતો રહ્યો અને તેણે પોતાના ઓપનિંગ કરવાના અનુભવ, નિરીક્ષણની વાત ભૂમિકામાં લખી છે. સચિન લખે છે કે, ‘‘જ્યારે તમે ઈનિંગની શરૂઆત કરો છો ત્યારે તમે મેચની દિશા નક્કી કરી શકો છો અને મેચને નિયંત્રિત કરી શકો છો. વિરોધી ટીમના બોલર પૂરી તાકાત સાથે ઓપનિંગ બેટ્સમેન પર હાવી થવાનો પ્રયાસ કરે છે. મને એ વાતની




ખાતરી હતી કે જો હું સારી બેટિંગ કરીશ તો મારી પાસે ટીમ માટે રન બનાવવાની મોટી તક હશે.’’

ક્રિકેટ કે કોઈ પણ ક્ષેત્રમાં કોઈ એક પાસાંનું મહત્ત્વ હોવા છતાં સર્વસ્વ એ નથી હોતું. પોતપોતાના પદ પર બધાનું મહત્ત્વ હોય છે તેમ છતાં ઓપનિંગમાં કોઈ ટીમને જ્યારે જ્યારે સારા ખેલાડી મળ્યા છે ત્યારે તેમની ટીમે સારું પર્ફોર્મન્સ કર્યું છે. ભારતમાં લાંબા સમય સુધી ઓપનિંગ કરીને ટીમને સફળતા અપાવનારાં ક્રિકેટર્સમાં સુનીલ ગાવાસ્કર, સચિન તેંડુલકર, સૌરવ ગાંગુલી, વીરેન્દ્ર સહેવાગ, ગૌતમ ગંભીર, રોહિત શર્મા, શ્રીકાંથ અને શિખર ધવનનું પણ નામ લઈ શકાય. હવે આ પ્રકારનું પુસ્તક થવું જોઈએ તે વિચાર અંગે લેખક શિવેન્દ્ર કુમાર સિંહ 29, જૂન 2024ના રોજ ICC 20-20 વર્લ્ડકપની ભારત અને દક્ષિણ આફ્રિકાની ફાઈનલ મેચનો અનુભવ ટાંકે છે. તેઓ લખે છે : ‘‘દુનિયાના દિગ્ગજ ઓપનર્સ પર લખાયેલાં આ પુસ્તકનો વિચાર એક એવા બેટ્સમેનની ઈનિંગ પરથી આવ્યો, જેણે આંતરરાષ્ટ્રીય સ્તરે અતિ ઓછી મેચોમાં ઓપનિંગ કરી છે. તેમ છતાં તેની એ એક ઈનિંગે કરોડો ક્રિકેટપ્રેમીઓને ખુશ કરી દીધા. જરા વિચારો, જ્યારે વિરાટ કોહલી 29 જૂનની રાત્રે બેટિંગ કરતો હતો ત્યારે તેના મનમાં કેટલો તણાવ હશે. જે ઝડપથી એ બેટિંગ કરી રહ્યો હતો એ માટે તેની અગાઉ પણ ટીકા થઈ હતી. અહીં સુધી કે ટીમની પસંદગી અગાઉ 20-20 ફોર્મેટમાં સ્થાન આપવું કે નહીં એ બાબતે વિચાર પણ થયો હતો. વિરાટે એ રાત્રે કેટલું મોટું જોખમ લીધું, ભૂલથી પણ એ મેચમાં ભારતીય ટીમનો પરાજય થયો હોત તો વિરાટ કોહલી લાંબા સમય સુધી ભારતીય ક્રિકેટ ટીમનો વિલન બની ગયો હોત.’’ જો કે તેમ ન થયું અને વિરાટ કોહલીની 76 રનની ઈનિંગના કારણે જ ટીમ ઈન્ડિયા ઠીક ઠીક સ્કોર બનાવી શકી અને 20-20 વર્લ્ડકપમાં ચેમ્પિયન પણ બની.

પુસ્તકની શરૂઆતમાં ક્રિકેટ ઈતિહાસની કેટલીક નોંધપાત્ર ઘટનાઓ ટાંકવામાં આવી છે. આ ઘટનાઓમાં સાથે સાથે ઓપનર્સની વાત આવે છે. જેમ કે પુસ્તકમાં એક ઠેકાણે મથાળું છે : ‘ક્રિકેટ રમ્યો, વિશ્વયુદ્ધ પણ લડ્યો’. અહીં લેખક ઑસ્ટ્રેલિયાની ટીમના ઓપનરની વાત કરે છે. તેઓ લખે છે કે, ‘‘1934માં ઑસ્ટ્રેલિયાની ટીમને એક નવો ઓપનર મળ્યો, જેણે બીજા વિશ્વયુદ્ધમાં પણ જવાબદારી સંભાળી. તે ખેલાડી હતો વિલિયમ આલ્ફ્રેડ બ્રાઉન, જે બિલ બ્રાઉન તરીકે પ્રસિદ્ધ થયો. બિલ બ્રાઉને ઑસ્ટ્રેલિયા માટે 22 ટેસ્ટ મેચ રમી. આ 22 ટેસ્ટ મેચમાં તેણે 1592 રન કર્યા. તેમાં 4 સદી સામેલ હતી. આ ચારેય સદી તેણે ઓપનર તરીકે ફટકારી હતી. તેમાં લોર્ડ્સના ઐતિહાસિક મેદાનમાં ફટકારેલી બેવડી સદી પણ સામેલ હતી, જે તેણે ઈંગ્લેન્ડ સામે ફટકારી હતી.’’ બીજા વિશ્વયુદ્ધમાં બિલ બ્રાઉને ફ્લાઈટ લેફ્ટનન્ટની જવાબદારી સંભાળી હતી. તે ગાળામાં વિશ્વયુદ્ધના કારણે લાંબા સમય સુધી ક્રિકેટ શક્ય ન બન્યું. તેથી અનેક ક્રિકેટરોની કારકિર્દી રોળાઈ ગઈ. 1948માં બિલ બ્રાઉને ભારત સામે પણ ટેસ્ટ મેચ રમી હતી, જેમાં પણ તેનો સ્કોર 99 સુધી પહોંચ્યો હતો.

ક્રિકેટના શરૂઆતના ગાળામાં ટેસ્ટ મેચ રમાતી

**ઈન સાઈડ આઉટ સાઈડ**
**કિરણ કાપૂરે**

હતી, તેથી તેમાં ટેસ્ટ મેચમાં રમનારાં ઓપનર્સની જ વાત કરવામાં આવી છે. ભારતીય ઓપનરની એન્ટ્રી વિશે લેખકે જે નામ નોંધ્યું છે તે વિજય મર્ચન્ટનું છે. વિજય મર્ચન્ટને ભારતીય ટીમમાં 1933માં સ્થાન મળ્યું હતું. ઈંગ્લેન્ડ સામે સ્થાનિક સીરિઝમાં તે ટીમમાં સામેલ હતા પરંતુ શરૂઆતની ત્રણ ટેસ્ટ મેચમાં તેમને મિડલ ઑર્ડર કે મધ્યમ ક્રમમાં બેટિંગની તક મળી. વિજય મર્ચન્ટ નીવડેલા ઓપનર જેમને તે વખતે ખ્યાલ આવતા સુધ્ધાં તેમની કારકિર્દીમાં વિશ્વયુદ્ધનું ગ્રહણ લાગ્યું અને તેમની બેટિંગનો સ્કોર પ્રભાવી રહ્યો હોવા છતાં તેમાં વધુ રન ન ઉમેરાયા.

ટેસ્ટ મેચના શરૂઆતમાં ઓપનરની ભૂમિકા કેવી રીતે અને તે અંગેની રસપ્રદ બાબતો લેખક શિવેન્દ્ર કુમાર સિંહે ટાંકી છે. તે પછીનું પ્રકરણ ‘વન-ડેની શરૂઆતથી શૈલી બદલાઈ’ છે. વન-ડેની શરૂઆતમાં વેસ્ટ ઈન્ડિઝ ટીમનો દબદબો રહ્યો હતો. આ ટીમમાં ઓપનર્સની ભૂમિકા મજબૂત હતી તેવું પેટા-પ્રકરણ છે. અહીં લેખક લખે છે કે, ‘‘1979ના વર્લ્ડ કપની પ્રથમ મેચમાં જ ગૉર્ડન ગ્રીનિજ અને ડસમન્ડ હેન્સે બતાવી દીધું હતું કે, ઓપનિંગમાં બેટ્સમેનોએ આ જ રીતે રમવું પડશે. આ બંને બેટ્સમેનની જોડીને ક્રિકેટની દુનિયામાં સૌથી મહાન ઓપનિંગ જોડીઓમાં સામેલ કરવામાં આવે છે. ગ્રીનિજની કારકિર્દી 1974માં શરૂ થઈ હતી, તો ડસમન્ડ હેન્સે 1978માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પદાર્પણ કર્યું હતું. ...હેન્સનો જન્મ જ ઓપનિંગ કરવા માટે થયો હતો. 116 ટેસ્ટ મેચમાં તેણે ઓપનિંગ કરી અને 7472 રન કર્યા. તેમાં 18 સદી સામેલ હતી. 238 વન-ડે મેચમાં 17 સદી સાથે 8648 રન કર્યા. ટેસ્ટ કારકિર્દીની પ્રથમ ત્રણ ઈનિંગમાં અર્ધસદીઓ મારનાર હેન્સ પણ ગ્રીનિજની જેમ ખતરનાક તોફાની બેટ્સમેન હતો.’’

આ રીતે પુસ્તકમાં વન-ડે ક્રિકેટની શરૂઆત અને અત્યાર સુધીમાં તેમાં ઓપનર્સની જે ભૂમિકા રહી છે તે તેમના કારકિર્દીના આંકડા સાથે આપવામાં આવી છે. નજીકના ઈતિહાસમાં જે ઓપનિંગમાં જે સૌથી સારી જોડી લાંબા સમય સુધી રહી તેમાં એક ઑસ્ટ્રેલિયાના મેથ્યૂ હેડન અને એડમ ગિલક્રિસ્ટ હતા. આ બંને આક્રમક બેટિંગ કરતા હતા અને તેમને આઉટ કરવામાં પણ મુશ્કેલી પડતી હતી. બીજું કે આ બંને બેટ્સમેન ફાસ્ટ અને સ્પિન બંને બોલિંગને સારી રીતે રમી શકતા હતા. આ બંને જોડી અંગે લેખક લખે છે કે, ‘‘આ બંનેની જોડીનું આક્રમકતાનું સ્તર અલગ જ હતું, તેઓ નિર્દય થઈને સામેની ટીમના બોલર પર તૂટી પડતા હતા. મેથ્યૂ હેડન નવા બોલ સામે પણ ઘણી વાર ક્રીઝ છોડીને બેટિંગ કરતો હતો.’’ ભારતમાંથી એ રીતે સચિન-સહેવાગનું અને સચિન-ગાંગુલીનું પણ નામ લઈ શકાય. આ બંને જોડીઓ ધમાકેદાર શરૂઆત કરવામાં માનતી હતી. આ સિવાય પુસ્તકમાં ભારતીય ઓપનર તરીકે જેનું સારું પ્રદર્શન રહ્યું તે ગૌતમ ગંભીરનો પણ ઉલ્લેખ વિશેષ રીતે કરવામાં આવ્યો છે. ગૌતમ ગંભીરે 147 વન-ડેમાં 94 મેચમાં ઓપનિંગ કરી હતી. તેણે મર્યાદિત ઓવરમાં ઓપનર તરીકે આઠ સદી સાથે 3367 રન કર્યા. ટેસ્ટ ક્રિકેટમાં તેની બેટિંગનો ક્રમ ફક્ત એક મેચમાં બદલાયો, નહીં તો 58 ટેસ્ટમાં 57માં તેણે ઓપનિંગ કરી. તેમાં ગંભીરે 9 સદી સાથે 4119 રન કર્યા.

એક પ્રકરણ 2010થી અત્યાર સુધી ઓપનિંગ અંગેની રસપ્રદ વિગતો આપતું છે. તેમાં ભારત વતી જે ઓપનરનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે રોહિત શર્મા છે. રોહિત શર્મા 190 વન ડે રમ્યો છે અને તેમાં તેના રન 9486 રહ્યા છે. ‘ઓપનર્સ’ પુસ્તકમાં આવી ઘણી વિગતો મળે છે. આ પુસ્તક કલ્પવૃક્ષ પબ્લિકેશન દ્વારા પ્રકાશિત થયું છે. જો કે પુસ્તક ક્રિકેટરસિયાઓ હોય તેને માટે જ છે. ક્રિકેટનો શોખ હોય અને તેનાં વિવિધ પાસાં વિશે જાણવું હોય ત્યારે જ આવું પુસ્તક પરવડે. ઉપરાંત પુસ્તકમાં કેટલાંક ઠેકાણે પ્રૂફની ભૂલો પણ રહી છે.

**ક્રિકેટ કે કોઈ પણ ક્ષેત્રમાં કોઈ એક પાસાંનું મહત્ત્વ હોવા છતાં સર્વસ્વ એ નથી હોતું. પોતપોતાના પદ પર બધાનું મહત્ત્વ હોય છે તેમ છતાં ઓપનિંગમાં કોઈ ટીમને જ્યારે જ્યારે સારા ખેલાડી મળ્યા છે ત્યારે તેમની ટીમે સારું પર્ફોર્મન્સ કર્યું છે**

# એક નર્વસ લેખકની નમણી કબૂલાત




## ભાવિ ને કવિ બેઉ ના સમજાય

**મિજાજ મસ્તી**
**સંજય છેલ**

મને ખાતરી છે કે મારી આ કોલમ આબાલ-વૃદ્ધ સૌને ગમશે. અરે, કાલે જ જન્મેલાં નવજાત બાળકોને પણ ગમી શકશે અથવા ગઈકાલે ગુજરી ગયેલાંઓના આત્માઓનીયે સારા વાંચનની ઈચ્છાઓ અધૂરી રહી ગઈ હોય, તેઓ પણ સ્વર્ગમાં માણી શકે. જો કે આવા દાવાઓ સાથે હું નર્વસાત્મક ટેન્શનથીયે પીડાઉં છું. નર્વસનેસ બે વાતની... 1. કદાચ ભૂલથી આ ગુજરાતીની શ્રેષ્ઠ કોલમ બની ગઈ તો? 2. કદાચ એવું ના થાય તો? નવા કામના આરંભમાં લોકો જ્યોતિષોનો સહારો લે છે એટલે મને પણ મન થયું! પણ માણસનું નસીબ ભાખવા એની કુંડળી દેખાડાય પણ કોલમ માટે કોની કુંડળી દેખાડવી? લેખકની, તંત્રીની, વાચકની કે છાપાના ફેરિયાની? એટલે અમે નક્કી કર્યું કે કોઈ અલગ જ જ્યોતિષને અજમાવીએ. તો અમે ‘ગોળા-જ્યોતિષ’ પાસે ગયા. ત્યાં કાચના ગોળામાં ઝગારા મારતી લાઈટો હોય ને એ ગોળામાં જોઈને ગોળા-જ્યોતિષ ભાવિ કહે. એણે મને ને ગોળાને વારાફરતી જોઈ કહ્યું, “હાંઅઅ.. કોઈ પ્રશ્ન સતાવે છે?” “ભાઈ, જ્યોતિષ પાસે માણસ બીજા શેના માટે આવે? લોટ દળાવવા?” જો કે મારી આ ટીકાની એના પર અસર ન થઈ. પછી કાચના ગોળાને તાકીને કહ્યું, “ઓહ!!” મને લાગ્યું કે એને જવાબ મળી ગયો પણ એ બોલ્યો, “મને દેખાય રહ્યું છે કે તમે તમારા મોંમાં એક ગોળ અને લાંબા વાસણથી પાણી નાખી રહ્યાં છો!”

“ગ્લાસ?” મેં પૂછ્યું.“હા! તમે જેવું એ પાણીને પીશો કે તરસ જતી રહેશે!” મને થયું કોલમ લખવાને ને પાણી પીવાને શું સંબંધ? પણ એમાં છૂપો ઈશારો હશે એમ ધારીને હું ચૂપ રહ્યો. પછી એણે બીજી ભવિષ્યવાણી કરી. ‘ડ’ અક્ષરનાં નામવાળી વ્યક્તિઓ સિવાય બધાં જ અક્ષરોવાળાં લોકો તમને હેરાન કરે છે, મેં પૂછ્યું, “આખેઆખી બારાખડીવાળાં બધા જ હેરાન કરે છે તો ‘ડ’વાળાં કેમ બાકી રહી ગયાં?” ‘ડ’ વાળાં આવતા જન્મે કરશે!’’

જ્યોતિષ બોલ્યો, ‘‘અને આઈ થીંક તમને એક ભાઈ અથવા બહેન છે અથવા તો ભાઈ-બહેન બંને છે! યા તો તમે મા-બાપનું એકનું એક સંતાન છો!” મેં મનમાં કહ્યું, “વાહ, શું આગાહી છે? એક પણ, પોસીબીલીટી એણે બાકી નથી રાખી!” એટલામાં નવી આગાહી કરી, “આજે રાત્રે ‘સાંસકી મા સાંસ નહીં’ સીરિયલમાં વહુને ત્રણ થપ્પડો મારવામાં આવશે!”

મેં કહ્યું, “પણ એ બધાનું મારી કોલમ સાથે શું?” તો ગોળા-જ્તોતિષે કહ્યું, “છે! તમે મારી આગાહીઓ જોઈ? પરફેક્ટ છે ને?”હું કંટાળીને ઊઠવા જતો જ હતો કે ગોળા-જ્યોતિષનો ફોન રણકયો. ફોન ઉપાડીને એણે પૂછ્યું, “હલો. કોણ બોલો છો?”(બસ, પછી મને એના પરથી ભરોસો ઊઠી ગયો કારણ કે જ્યોતિષ હોય તો એને ખબર હોવી જોઈએ કે કોનો ફોન આવશે!?) હું નીકળવા માંડ્યો. એવામાં ગોળા જ્યોતિષે છેલ્લો ગોળો ફોડયો: “મારી ૧૦૦% આગાહી છે કે ભવિષ્યમાં તમને એક સારો જ્યોતિષ જરૂર મળશે!

એ ગોળા જ્યોતિષે, સીનિયર મહિલા જ્યોતિષ પાસે મોકલ્યો. જેવો હું લેડી-જ્યોતિષને ત્યાં પહોંચ્યો એણે પૂછ્યું, “તમે..સંજય છેલ?” હું તો ઈમ્પ્રેસ્ડ! (જો કે, મેં જ ફોન કરીને એપોઈન્ટમેન્ટ લીધેલી એટલે મારું નામ તો જાણે જ ને? છતાં મેં મન મનાવ્યું કે- બાઈ છે તો જાણકાર!)મેડમે તરત પૂછ્યું, “તમે તમારી નવી કોલમ લખવા માટે નર્વસ છો ને?”હું ફરી ઈમ્પ્રેસ થયો. (જો કે આ પણ પેલા ગોળા-જ્યોતિષે જણાવ્યું હોઈ શકે ને? પણ મારી શ્રદ્ધા થોડી વધી.)

પેલીએ કહ્યું, “સારા ને ખરાબ બે સમાચાર છે. સારા સમાચાર એ છે કે કોલમ લોકોને ગમશે.” મેં ખુશ થતાં પૂછ્યું, “તો પછી ખરાબ સમાચાર શું છે?”

“તમારે કોલમ નિયમિત લખવી પડશે! ટેબલ-ખુરશી પર બેસીને એક્ચ્યુઅલી મહેનત કરવી પડશે.” હવે એક લેખક માટે આનાથી વધુ ખરાબ સમાચાર શું હોઈ શકે? અમને જેનો ડર હતો એ જ વાત જ્યોતિષબેને કહી! જો કે અંદરખાને મને એવી આશા હતી કે જ્યોતિષ કહેશે કે- “આસમાનથી કોઈ દેવદૂત મારા ઘરમાં ઊતરીને રાત્રે ઓશિકાં પાસે લેખ લખીને જતો રહેશે!” કારણ કે મને હંમેશથી એવો ડાઉટ છે કે અશ્વિની ભટ્ટ, હરકિસન મહેતા કે મેઘાણી જેવા મહાન લેખકોનાં પુસ્તકોનાં પાનાંઓ કોઈક ફરીશ્તાઓ લખીને આપી જતાં હશે, નહીં તો આટલું સારું કોઈ કઈ રીતે લખી શકે? પણ પેલા જ્યોતિષબેને કહ્યું: “કોઈ ફરીશ્તાની ફેસીલીટી તમારા ભાગ્યમાં નથી.”

**મને એવી આશા હતી કે જ્યોતિષ કહેશે કે આસમાનથી કોઈ દેવદૂત મારા ઘરમાં ઊતરીને રાત્રે ઓશિકાં પાસે લેખ લખીને જતો રહેશે!**

મેં જ્યોતિષબેનને પૂછ્યું, “કોલમ લખવામાં પૈસા સારા મળશે?” જવાબમાં એણે ડ્રોઅરમાંથી તાશનાં પત્તાં કાઢ્યાં. એટલે મેં પણ પર્સમાંથી પૈસા કાઢ્યા. મને એમ કે હવે અમે બેઉ તીનપત્તી રમીશું પણ ના, એ તો ટેરો-કાર્ડ હતાં જેને જોઈને હવે એ મારું ભાવિ કહેશે. મારું માનવું છે જ્યોતિષો જો જોશ જોવાને બદલે જુગાર રમે તો વધારે સારું કમાઈ શકે કારણ કે એમને તો ખબર જ પડી જાય કે પત્તાં શું આવવાનાં છે!

“મારે કોલમમાં કેવું લખવું જોઈએ? ગંભીર કે હળવું?”

“ગંભીર લખશો તોયે કોઈ ગંભીરતાથી નહીં લે ને હળવું લખશો તો કોઈ લાઈટલી નહીં લે!” આ જવાબ આધુનિક કવિતા જેવો હતો એટલે મને સમજાયો નહીં ને ત્યાંથી નીકળી ગયો. પછી એક મિત્રે કહ્યું, “શહેરમાં નવો જ્યોતિષ આવ્યો છે: ‘શ્વાન-જ્યોતિષ’.” “શું? એક કૂતરો મારું ભવિષ્ય વાંચશે?” હું ભડકયો. “ના ના, કૂતરાંનું ભાવિ જોનાર જ્યોતિષ. તમે કૂતરાં પાળ્યાં હોય તો એ કૂતરાંનું ભાવિ ભાખે છે. જેમ કે મારા કૂતરાંને સારી કૂતરી મળશે કે નહીં? એમ.” મેં શ્વાન-જ્યોતિષને ચકાસવા માટે ફોન કર્યો, “મહારાજ, મારો કૂતરો લેખક છે. જે ગુજરાતીનાં જાણીતા અખબારમાં લખવા માગે છે. એનું ભાવિ કેવું હશે?”

જ્યોતિષ ભડક્યો, “શટઅપ..એક તો તમારો કૂતરો ગુજરાતીમાં લખે છે ને પૂછો છો કે ભાવિ કેવું? અરે, જે ભાષાનું જ ભાવિ ખબર નથી ત્યાં તમને કોલમની પડી છે? સાંભળો, હું કૂતરાંઓનો જ્યોતિષ છું, ગધેડાંઓનો નહીં.’’

મેં ફોન મૂકયો ને ‘જેવા જનતાના નસીબ’, વિચારીને ચૂપચાપ લખવા માંડ્યું.

**ઍંડ-ટાઈટલ્સ :**

**આદમ:** મને એક વિચાર આવ્યો!

**ઇવ:** ખાલી દિમાગ જોઈને એ જતો રહેશે.

# દેશની રાજકીય પીચ પર ઉતરેલા ખેલાડીઓ, કેટલાક સફળ તો કેટલાક ખોવાયા

**ખેલખેલમેં**

ભારતના ટેનિસ દિગ્ગજ લિએન્ડર પેસે મંગળવારે તૃણમૂલ કોંગ્રેસ સાથે પાંચ વર્ષના જોડાણ બાદ ભાજપમાં જોડાવાનો નિર્ણય લીધો, જેનાથી રાજકારણમાં પ્રવેશતા ખેલાડીઓ પર ફરી એકવાર લાઈમ લાઈટનો ફોક્સ આવ્યો છે. દેશની રાજકીય પીચ પર ઉતરેલા ખેલાડીઓમાંથી કેટલાક ખેલાડીઓ ઉચ્ચ હોદ્દા પર પહોંચ્યા છે, કેટલાક કેબિનેટ મંત્રી બન્યા છે, જ્યારે અન્ય ખેલાડીઓને રાજકીય પીચ પર પોતાની ઈનિંગ દરમિયાન મિશ્ર પરિણામો મળ્યા છે અને હજુ પણ તેમનો માર્ગ શોધી રહ્યા છે. આવા કેટલાક પ્રખ્યાત ખેલાડીઓ પર આપણે આજે એક નજર નાખી લઈએ કે જેઓએ રમતનું મેદાન છોડીને રાજકારણના મેદાને ઝંપલાવ્યું છે.

**મોહમ્મદ અઝહરુદ્દીન**

માજી ભારતીય ક્રિકેટ કેપ્ટન 2009માં કોંગ્રેસ પાર્ટીમાં જોડાયો અને તે જ વર્ષે ઉત્તર પ્રદેશના મુરાદાબાદથી લોકસભા સભ્ય બન્યો. જોકે, 2014 અને 2023માં યોજાયેલી લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓમાં તેને હારનો સામનો કરવો પડ્યો. થોડા સમય માટે હૈદરાબાદ ક્રિકેટ એસોસિએશનના વડા તરીકે સેવા આપ્યા પછી, અઝહરને તેલંગાણામાં રેવંત રેડ્ડી સરકારમાં કેબિનેટ મંત્રી બનાવવામાં આવ્યો હતો જ્યાં તેને જાહેર સાહસો અને લઘુમતી કલ્યાણ મંત્રાલયનો હવાલો સોંપવામાં આવ્યો હતો.

**નવજોત સિંહ સિદ્ધુ**

માજી ભારતીય ઓપનરએ ભાજપ, કોંગ્રેસ અને તેમની પોતાની પાર્ટી, આવાઝ-એ-પંજાબ સહિત અનેક પક્ષો માટે કામ કર્યું હતું. તેમણે 2004 અને 2009 ની સામાન્ય ચૂંટણીઓ ભાજપની ટિકિટ પર જીતી હતી. જોકે, 2017માં, તેઓ કોંગ્રેસમાં જોડાયા અને અમૃતસર પૂર્વ વિધાનસભા બેઠક જીતી. 2022 ની રાજ્ય ચૂંટણીમાં તે જ બેઠક પર AAP ના હરીફ સામે તેમનો પરાજય થયો હતો. તેઓ હાલમાં રાજકારણમાંથી વિરામ લઈ રહ્યા છે.

**સચિન તેંડુલકર**

સચિન તેંડુલકર સંસદના ઉપલા ગૃહ રાજ્યસભાનો સભ્ય હતો પરંતુ તે રાજકીય પીચ પર ક્રિકેટના મેદાન જેવી સફળતા મેળવી શક્યો નહી અને તે માત્ર હાજરી પુરાવવા માત્ર આવ્યો હોય તેવી તેની રાજકીય કેરિયર રહી હતી.

**રાજ્યવર્ધન સિંહ રાઠોડ**

આ દિગ્ગજ શૂટરે ઓલિમ્પિક્સમાં ભારત માટે પહેલો શૂટિંગ સિલ્વર મેડલ જીત્યો હતો. તેઓ 2013માં ભાજપમાં જોડાયા હતા અને 2014ની સામાન્ય ચૂંટણીમાં જયપુરથી લોકસભા માટે ચૂંટાયા હતા. તેમણે 2019ની ચૂંટણી પણ જીતી હતી. 2023માં, તેમણે રાજ્યના રાજકારણમાં પ્રવેશ કર્યો અને તે વર્ષે ચૂંટણી જીતી, ત્યારબાદ તેમણે લોકસભામાંથી રાજીનામું આપી દીધું.

**સાઇના નેહવાલ**

ભૂતપૂર્વ વિશ્વ નંબર વન અને લંડન ઓલિમ્પિક બ્રોન્ઝ મેડલ વિજેતા બેડમિન્ટન દિગ્ગજ 2020 માં તેની બહેન સાથે ભાજપમાં જોડાઈ હતી પરંતુ હજુ સુધી ચૂંટણીમાં પોતાનું નસીબ અજમાવ્યું નથી.



**ક્રિકેટ સહિતના રમતના મેદાનો પર મજબૂત પગદંડો જમાવનારા દેશના ખેલાડીઓમાંથી ઘણાંએ રાજકારણની પીચ પર પોતાનું નસીબ અજમાવ્યું છે, જેમાંથી કેટલાકે મંત્રી બનવા સુધીની સફર કરી હતી તો વળી કેટલાક માત્ર સાંસદ કે ધારાસભ્ય બનીને રહ્યા હતા**

**ગૌતમ ગંભીર**

બે વખતની વર્લ્ડકપ વિજેતા ટીમના સભ્ય અને ભારતીય ટીમના વર્તમાન કોચે 2019માં ભાજપ દ્વારા રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. તે જ વર્ષે, તેણે પૂર્વ દિલ્હીથી સામાન્ય ચૂંટણી જીતી હતી. જોકે, 2024માં, તેણે ક્રિકેટ કોચ તરીકેની તેની રમત કારકિર્દી ફરી શરૂ કરવા માટે સક્રિય રાજકારણથી દૂર થઈ ગયો.

**કીર્તિ આઝાદ**

૧૯૮૩ના વર્લ્ડકપ વિજેતા ટીમના સભ્યએ સૌપ્રથમ ભાજપ દ્વારા રાજકારણમાં પ્રવેશ કર્યો અને બિહારના દરભંગાથી વિધાનસભા અને લોકસભાની ચૂંટણી જીતી. પરંતુ 2015માં, વરિષ્ઠ નેતા અરુણ જેટલી સાથેના અણબનાવ બાદ આઝાદને ભાજપમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા અને બાદમાં 2019માં કોંગ્રેસમાં જોડાયા હતા. 2021માં, તેઓ તૃણમૂલ કોંગ્રેસમાં જોડાયા અને પશ્ચિમ બંગાળના બર્ધમાન-દુર્ગાપુર મતવિસ્તારમાંથી જીત્યા બાદ લોકસભામાં પાછા ફર્યા.

**વિનેશ ફોગાટ અને બજરંગ પુનિયા**

સફળ અને વિવાદાસ્પદ બંને રેસલર 2024માં કોંગ્રેસ પાર્ટીમાં સાથે જોડાયા. આ પહેલા, તેઓએ રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના તત્કાલીન વડા બ્રિજ ભૂષણ શરણ સિંહ સામે જોરદાર ઝુંબેશ ચલાવી હતી. બ્રિજ ભૂષણ ભાજપના નેતા હતા જેમના પર જાતીય સતામણીનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ફોગાટ જુલાના મતવિસ્તારમાંથી જીતી અને હરિયાણામાં ધારાસભ્યનું પદ સંભાળ્યું, જ્યારે પાર્ટીએ પુનિયાને ઓલ ઈન્ડિયા કિસાન કોંગ્રેસના વડા તરીકે નિયુક્ત કર્યો.

**વિજેન્દ્ર સિંહ**

બેઈજિંગ ઓલિમ્પિક્સ બ્રોન્ઝ મેડલ વિજેતાએ 2019માં કોંગ્રેસ પાર્ટી દ્વારા રાજકારણમાં પ્રવેશ કર્યો હતો, પરંતુ તે જ વર્ષે દક્ષિણ દિલ્હી મતવિસ્તારમાંથી ચૂંટણી હારી ગયો હતો. બાદમાં તે 2024માં ભાજપમાં જોડાઈ ગયો હતો. .

**ભાઈચુંગ ભૂટિયા**

માજી ભારતીય ફૂટબોલ કેપ્ટન 2014 માં તૃણમૂલ કોંગ્રેસમાં જોડાયો હતો પરંતુ દાર્જિલિંગથી સામાન્ય ચૂંટણી હાર્યો હતો. જોકે, 2021ની બંગાળ વિધાનસભા ચૂંટણી દરમિયાન તેણે ડાબેરી મોરચાને ટેકો આપ્યો હતો. બાદમાં તેણે “હમરો સિક્કિમ” નામની પોતાની પાર્ટી બનાવી હતી, પરંતુ ચૂંટણીમાં ખાસ અસર કરવામાં નિષ્ફળ ગયો હતો.

**હરભજન સિંહ**

ભૂતપૂર્વ ભારતીય સ્પિનર બે વર્લ્ડ કપ વિજેતા ટીમોનો ભાગ હતો અને તેના નામે 400થી વધુ ટેસ્ટ વિકેટ છે. તે 2022માં આમ આદમી પાર્ટી સાથે રાજકારણમાં જોડાયો હતો. બાદમાં તેમને રાજ્યસભામાં નોમિનેટ કરવામાં આવ્યો હતો.

**ચેતન ચૌહાણ**

ભારતના ભૂતપૂર્વ ઓપનર બેટ્સમેન પોતાની રમત કારકિર્દી પછી ભાજપમાં જોડાયા હતા. તેઓ ૧૯૯૧ અને ૧૯૯૮માં અમરોહાથી સંસદ સભ્ય હતા. પરંતુ તેઓ ૧૯૯૬, ૧૯૯૯ અને ૨૦૦૪માં ત્યાંથી ચૂંટણી હારી ગયા. તેઓ ૨૦૧૭માં રાજકારણમાં પાછા ફર્યા અને નાગવન સદાતથી ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણી જીતી ગયા. ૨૦૨૦માં ચૌહાણનું અવસાન થયું.

**યોગેશ્વર દત્ત**

લંડન ઓલિમ્પિક્સમાં બ્રોન્ઝ મેડલ વિજેતા રેસલર યોગેશ્વર દત્ત 2019 માં ભાજપમાં જોડાયો હતો અને હજુ પણ સક્રિય કાર્યકર છે. જો કે તેને કોઈ મોટું પદ હજું સુધી મળ્યું નથી.

**દિલીપ ટિર્કી**

માજી ભારતીય હોકી કેપ્ટન 2012 માં બીજુ જનતા દળમાં જોડાયો અને રાજ્યસભામાં નોમિનેટ થયો. જોકે, તે પછી ટિર્કી સુંદરગઢ મતવિસ્તારમાંથી 2024ની લોકસભા ચૂંટણી જીતવામાં નિષ્ફળ રહ્યો હતો.

**કલ્યાણ ચૌબે**

માજી ભારતીય ફૂટબોલર અને ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશનના વર્તમાન પ્રમુખે 2015માં ભાજપ દ્વારા રાજકારણમાં પ્રવેશ કર્યો હતો.

તે 2019ની સામાન્ય ચૂંટણીમાં તૃણમૂલ કોંગ્રેસના મહુઆ મોઈત્રા સામે હારી ગયો હતો. તે 2021 અને 2024 ની બંગાળ વિધાનસભા ચૂંટણીમાં પણ હારી ગયો હતો.

**જ્યોતિર્મય સિકદર**

1998ના એશિયન ગેમ્સમાં સુવર્ણ ચંદ્રક જીતનાર આ દોડવીર સીપીએમ વતી 14મી લોકસભાના સભ્ય હતી. જોકે, 2009ની સામાન્ય ચૂંટણીમાં તેને હારનો સામનો કરવો પડ્યો હતો. 2019માં, તેણે તૃણમૂલ કોંગ્રેસને ટેકો આપવાની જાહેરાત કરી હતી પરંતુ બાદમાં તે ભાજપમાં જોડાઈ હતી.